# ડીંડોલી વિસ્તારમાં આવેલ ચા ની દુકાનમાં તોડફોડ કરી, વેપારીને ધાક ધમકી આપી, પૈસાની માંગણી કરતા ઇસમોને ગણતરીના કલાકોમાં ઝડપી પાડતી, ડીંડોલી પોલીસ.

સુરત શહેરના ડીંડોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પવેલીયન પ્લાઝા, જય ગોપાલ મટકા ચા નામની દુકાનમાં આરોપી સંજય ઓઝા, કુંદન તથા એક અજાણ્યો ઇસમનાઓ ત્યાં દુકાનમાં પ્રવેશી તેમાં રહેલ ચીજવસ્તુ તથા મશીનરી તથા દુકાનનું બોર્ડ તથા બહાર પડેલ ટુ-વ્હીલર ગાડીઓમાં તોડ ફોડ કરી, અંદાજીત રૂ.૭૯૦૦૦/- નું નુકશાન કરેલ તેમજ ત્રણે આરોપીઓએ ફરી.શ્રી ગોપાલભાઇ વિનોદભાઇ યાદવને ધમકી આપેલ કે "દુકાન ચલાવવી હોય તો પૈસા આપવા પડશે" તેમ કહી નાશી ગયેલ, જે અંગે ફરી.શ્રીએ ફરીયાદ આપતા ડીંડોલી પોલીસ સ્ટેશન **PART-A** ગુ.ર.નં.૧૧૨૧૦૦૫૬૨૦૦૦૫૬ ઇ.પી.કો. કલમ ૩૮૪, ૪૫૨, ૪૨૭, ૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ. સદરહુ ગુનામા સંડોવાયેલ આરોપીઓને શોધી કાઢવા સારૂ પો.સ.ઈ. શ્રી આર.પી.દરજી તથા સાથેના પોલીસ માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અ.પો.કો. જયરાજસિંહ કિશોરસિંહ તથા અ.પો.કો. બ્રિજરાજસિંહ ભરતસિંહ તથા અ.પો.કો. હરેશ બાબરભાઇ નાઓને મળેલ બાતમી આધારે ઉપરોક્ત ગુનામા સંડોવાયેલ આરોપીઓ (૧) જયક્રિષ્ન ઉર્ફે સંજય ઓઝા S/O શીતલાપ્રસાદ ઓઝા ઉ.વ.૩૯ રહે. ઘર નં. ૩૦૯, આનંદી ટાઉનશીપ, દેલાડવાગામ, સુરત. મુળવતન- મુલતનીપુર, તા.લાલગંજ, જી.પ્રતાપગઢ (ઉતરપ્રદેશ) (૨) કુંદન S/O કમલેશ જાતે સીંગ ઉ.વ.૨૭ રહે.ફ્લેટ નં. ડી/૨/૪૦૨, અંબીકા ટાઉનશીપ, તરણ કુંડ પાસે, ડીંડોલી, સુરત. મુળવતન- શિવપુર, તા.અગિયાંઉ, જી.આરા (બિહાર) (૩) મહેશસીંગ મુન્ના સીંગ ઉ.વ.૨૨ રહે.ઘર નં. ૩૨૨, સાંઇદર્શન સોસાયટી, રામીપાર્ક પાસે ડીંડોલી, સુરત મુળ વતન- છાપર, તા.તેંદુવારી બજાર, જી.બાંદા (યુ.પી.) નાઓને પકડી પાડી, ઉપરોક્ત વણશોધાયેલ ગુન્હો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.